**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________

(Name) ____________________

2. (Signature) ____________________

(Name) ____________________

**Answer Sheet No. :** ..........................................

(To be filled by the Candidate)

**Roll No.** | | | | | | | | |

(In figures as per admission card)

**Roll No.** ____________________

(In words)

**Test Booklet No.**

**J—3705**

**PAPER—II**

# GUJARATI

**Time : 1¼ hours]** **[Maximum Marks : 100**

Number of Pages in this Booklet : **12** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Serial No. of the booklet should be entered in the Answer-sheets and the Serial No. of Answer Sheet should be entered on this Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) (B) ● (D)

   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the Answer Sheet given **inside the Paper I booklet only**. If you mark at any place other than in the ovals in the Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your name or put any mark on any part of the test booklet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is NO negative marking.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका की क्रम संख्या उत्तर-पत्रक पर अंकित करें और उत्तर-पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं। आपको सही उत्तर के दीर्घवृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   **उदाहरण :** (A) (B) ● (D)

   जबकि (C) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये** उत्तर-पत्रक पर ही अंकित करने हैं। यदि आप उत्तर पत्रक पर दिये गये दीर्घवृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिन्हांकित करते है, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप उत्तर-पुस्तिका पर अपना नाम या ऐसा कोई भी निशान जिससे आपकी पहचान हो सके, किसी भी भाग पर दर्शाते या अंकित करते हैं तो परीक्षा के लिये अयोग्य घोषित कर दिये जायेंगे।
9. आपको परीक्षा समाप्त होने पर उत्तर-पुस्तिका निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें।
10. **केवल नीले/काले बाल प्वाईंट पैन का ही इस्तेमाल करें।**
11. **किसी भी प्रकार का संगणक ( कैलकुलेटर ) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तर के लिए अंक नहीं काटे जायेंगे।**

## GUJARATI

## PAPER – II

**Note :** This paper contains **fifty** (50) multiple-choice questions, each question carrying **two** (2) marks. Make the correct response in the answer-sheet. All questions are compulsory.

**સૂચના :** આ પ્રશ્નપત્રમાં પચાસ (50) બહુ વિકલ્પાત્મક પ્રશ્નો છે. દરેક પ્રશ્નાના બે (2) ગુણ છે. બધા પ્રશ્નોના ઉત્તરો આપો.

1. 'તરે જે શોભાથી વનવન વિશે બાલ હરિણી'- આ પંક્તિનો છંદ કયો છે ?

   (A) મંદાક્રાંતા (B) પૃથ્વી (C) શિખરિણી (D) હરિણી

2. 'વસંત વિલાસ'- કૃતિનો સાહિત્ય પ્રકાર કયો છે ?

   (A) ફાગુ (B) પ્રબંધ (C) પદ્યવાર્તા (D) રાસા

3. 'રસિક વલ્લભ' ના કર્તા કોણ છે ?

   (A) નરસિંહ મહેતા (B) ભાલણ (C) વિશ્વનાથ જાની (D) દયારામ

4. 'નિબંધ' સાહિત્ય પ્રકારનો ગુજરાતીમાં પ્રારંભ કરનાર લેખકનુ નામ છે :

   (A) મણિલાલ નભુભાઈ (B) નર્મદ (C) દુર્ગારામ માસ્તર (D) નવલરામ પંડ્યા

5. 'શયદા' ઉપનામ કોનું છે ?

   (A) અમૃત કેશવ નાયક (B) હરજી લવજી દામાણી

   (C) ત્રિભુવન પ્રેમશંકર (D) અનંતરાય પરમાનંદ ઠક્કર

6. નવલકથાકાર કોણ નથી ?

   (A) શિરીષ પંચાલ (B) મકરંદ દવે (C) લાભશંકર ઠાકર (D) સિતાંશુ યશશ્ચન્દ્ર

7. 'રમણીયતા' - નો કાવ્યસિધ્ધાંત આપનાર છે :

   (A) પંડિત જગન્નાથ (B) ભટ્ટ નાયક (C) મહિમ ભટ્ટ (D) આનંદવર્ધન

8. 'ઉદાત્તતા'- ની વિભાવના સાથે જોડાયેલું મુખ્ય નામ છે :

   (A) સુઝાન લેન્ગર (B) મેથ્યુ આર્નલ્ડ (C) લોન્જાઇનસ (D) એરિસ્ટોટલ

9. 'અષ્ટનિધિ' કયો સમાસ છે ?

   (A) દ્વંદ્વ (B) બહુવ્રીહિ (C) દ્વિગુ (D) કર્મધારય

10. કઈ રચના અછાંદસ છે ?

(A) એક બપોરે (B) જેસલમેર (C) તેરસાતની લોકલ (D) આધુનિક અરણ્ય

11. કયા બે સર્જકો કવિ અને નિબંધકાર છે ?

(1) મણિલાલ હ. પટેલ (2) મણિલાલ દેસાઈ

(3) મણિલાલ નભુભાઈ (4) મણિલાલ પાગસ

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 (D) 1 અને 3

12. કયા બે લેખકો અત્યારે સામયિકના તંત્રી-સંપાદક નથી ?

(1) રમણ સોની (2) રઘુવીર ચૌધરી (3) જયંત પારેખ (4) નીતિન મહેતા

(A) 2 અને 4 (B) 1 અને 4 (C) 3 અને 1 (D) 2 અને 3

13. બે વિવેચકો આધુનિક યુગના છે

(1) પ્રમોદકુમાર પટેલ (2) જહાંગીર સંજાણા

(3) રાધેશ્યામ શર્મા (4) વિશ્વનાથ મ. ભટ્ટ

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 1 (D) 2 અને 4

14. આ બે નવલિકાઓ આધુનિક છે :

(1) એક ટૂંકી મુસાફરી (2) એક મુલાકાત

(3) ઇંટાનો સાત રંગ (4) છેલ્લું છાણું

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 1 અને 3 (D) 2 અને 3

15. કયા બે લેખકો નાટ્યકાર અને વિવેચક છે ?

(1) ચિનુ મોદી (2) જયંત કોઠારી (3) ભોળાભાઈ પટેલ (4) સતીશ વ્યાસ

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 (D) 1 અને 4

16. કઈ બે કૃતિયો એક જ સ્વરૂપની છે ?

(1) મંથરા (2) ફાર્બસ વિરહ (3) સ્મરણ સંહિતા (4) સ્મરણ યાત્રા

(A) 3 અને 4 (B) 2 અને 3 (C) 1 અને 2 (D) 1 અને 4

17. કયા બે સંસ્કૃત મીમાંસકો છે ?

(1) શ્રી શંકુક (2) આચાર્ય ક્ષેમેન્દ્ર (3) ધર્માનંદ કોસાંબી (4) બાણ ભટ્ટ

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 (D) 2 અને 4

18. આ બે સર્જકો ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહી ચૂક્યા છે :

(1) ચન્દ્રકાંત બક્ષી (2) મહાત્મા ગાંધી (3) સુરેશ જોષી (4) નિરંજન ભગત

(A) 2 અને 3 (B) 1 અને 2 (C) 2 અને 4 (D) 1 અને 3

19. માહિતી અ : માનવ ભાષાનાં ધ્વનિસંકેતો યાદચ્છિક છે.

માહિતી બ : માનવ ભાષાનાં ધ્વનિસંકેતો ગોઠવેલા છે.

(A) અ સાચું છે પણ બ ખોટું છે
(B) અ અને બ બંને સાચા છે
(C) અ અને બ બંને ખોટાં છે
(D) અ ખોટું છે પણ બ સાચું છે.

20. માહિતી અ : 'રીતિ કાવ્યનો આત્મા છે'.

માહિતી બ : આ કાવ્યસિધ્ધાંતની રજૂઆત આચાર્ય વામને કરી છે.

(A) અ સાચું છે પણ બ ખોટું છે
(B) અ અને બ બંને ખોટાં છે
(C) અ ખોટું છે પણ બ સાચું છે
(D) અ અને બ બંને સાચાં છે

21. માહિતી અ : પરંપરાને આત્મસાત્ કર્યા વિના વ્યક્તિપ્રજ્ઞા પ્રગટતી નથી.

માહિતી બ : વ્યક્તિપ્રજ્ઞાનાં પ્રાગટ્ય માટે પરંપરાની જાણકારી અનિવાર્ય નથી.

(A) અ અને બ બંને સાચાં છે
(B) અ સાચું છે પણ બ ખોટું છે
(C) અ ખોટું છે પણ બ સાચું છે
(D) અ અને બ બંને ખોટાં છે

22. બે વાક્યોથી બનતું સંપૂર્ણપણે સાચું યુગ્મ કયું ?

(A) નરસિંહ મહેતા પ્રેમલક્ષણા ભક્તિ માર્ગના કવિ છે. એમણે ગોપીભાવે કૃષ્ણની આરાધના કરી છે.
(B) નરસિંહ મહેતાએ પ્રભાતિયા લખ્યાં છે. એમણે આખ્યાનો રચ્યાં છે.
(C) નરસિંહ મહેતા જ્ઞાનમાર્ગી ધારાના કવિ છે. એમણે કૃષ્ણપ્રેમનાં પદો રચ્યાં છે.
(D) નરસિંહ મહેતા આદિ કવિ છે. કારણ કે એ મીરાંના અનુગામી કવિ છે.

23. બે વાક્યોથી બનતું સંપૂર્ણપણે સાચું યુગ્મ કયું ?

(A) સુરેશ જોષી આધુનિક સર્જક છે ; કેમકે એમણે લલિત નિબંધો લખ્યા છે.
(B) સુરેશ જોષી આધુનિક વિવેચક છે ; એમણે ટૂંકી વાર્તામાં ઘટનાહ્રાસની વિચારણા કરી.
(C) સુરેશ જોષીએ અછાંદસ કવિતાની શરુઆત કરી ; એમણે લઘુનવલો લખી.
(D) સુરેશ જોષીએ રૂપરચનાવાદનો પુરસ્કાર કર્યો ; કેમકે એ પરંપરાવાદી સર્જક હતા.

24. બે વાક્યોથી બનતું સંપૂર્ણપણે સાચું યુગ્મ કયું ?

(A) એરિસ્ટોટલ અંગ્રેજી વિવેચક હતા. એમણે કૉમેડી વિશે ચર્ચા કરી હતી.
(B) એરિસ્ટોટલે ટ્રેજેડીની વિભાવના આપી. એમણે 'ઑથેલો' નાટકની સમીક્ષા કરી.
(C) એરિસ્ટોટલ પ્લેટોના શિષ્ય હતા. એમણે કેથાસિસનો સિધ્ધાંત આપ્યો.
(D) એરિસ્ટોટલે કવિઓના બચાવ કર્યો, કેમકે એ પોતે કવિ હતા.

25. સર્વથા સુસંગત વિગતજૂથ કયું છે ?

(A) આખ્યાન - અર્વાચીન કાળ - શામળ
(B) પ્રબંધ - પ્રાગ્નરસિંહ કાળ - શામળ
(C) ફાગુ - રાસરાસાયુગ - શામળ
(D) પદ્યવાર્તા - મધ્યકાળ - શામળ

26. સર્વથા સુસંગત વિગતજૂથ કયું ?

(A) રાજેન્દ્ર શાહ - શ્રાવણી મધ્યાહ્ને - સરસ્વતી સન્માન
(B) રાજેન્દ્ર શાહ - પ્રવાસ દ્વીપ - જ્ઞાનપીઠ પુરસ્કાર
(C) રાજેન્દ્ર શાહ - શાંત કોલાહલ - અનુગાંધીયુગ
(D) રાજેન્દ્ર શાહ - છિન્ન ભિન્ન છું - ગાંધીયુગ

27. સર્વથા વિસંગત વિગતજૂથ કયું ?

(A) રાવજી પટેલ - નિબંધકાર - વિવેચક
(B) રાવજી પટેલ - અંગત - વાર્તાકાર
(C) રાવજી પટેલ - અશ્રુઘર - આધુનિક કવિ
(D) રાવજી પટેલ - સ્વ. હુંશીલાલની યાદમાં - નવલકથાકાર

28. સર્વથા વિસંગત વિગતજૂથ કયું ?

(A) ધ્વનિ - રસધ્વનિ - વસ્તુધ્વનિ
(B) ધ્વનિ - આનંદવર્ધન - ધ્વન્યાલોક
(C) ધ્વનિ - પ્રતીયમાન અર્થ - અલંકાર ધ્વનિ
(D) ધ્વનિ - મમ્મટ - પ્રકરણ વક્રતા

29. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો :

| | યાદી 1 | | યાદી 2 |
|---|---|---|---|
| (અ) | 'સરસ્વતીચન્દ્ર' ૧-૪ | (1) | નાયિકા |
| (બ) | કુમુદ | (2) | ભાગ-૨ મેરા શીર્ષક |
| (ક) | સુવર્ણપુરનો અતિથિ | (3) | પંડિતયુગની કૃતિ |
| (ડ) | ગુણસુંદરીનું કુટુંબજાળ | (4) | નવીનચન્દ્ર |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 1 | 3 |
| (B) | 3 | 1 | 4 | 2 |
| (C) | 2 | 4 | 3 | 1 |
| (D) | 1 | 2 | 3 | 4 |

30. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો :

| | યાદી 1 | | યાદી 2 |
|---|---|---|---|
| (અ) | ઉમાશંકર જોષી | (1) | નવલકથા |
| (બ) | નંદુ ગોરાણી | (2) | સૉનેટ |
| (ક) | રહ્યાં વર્ષો | (3) | ગાંધીયુગના કવિ |
| (ડ) | પળૂકાં જણ્યાં | (4) | બારણે ટકોરા |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 1 | 3 |
| (B) | 4 | 1 | 2 | 3 |
| (C) | 3 | 4 | 2 | 1 |
| (D) | 4 | 3 | 2 | 1 |

31. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો :

| | યાદી 1 | | યાદી 2 |
|---|---|---|---|
| (અ) | નાટક | (1) | આંગળિયાત |
| (બ) | ટૂંકીવાર્તા | (2) | ગુજરાત સાહિત્ય અકાદમી |
| (ક) | શબ્દસૃષ્ટિ | (3) | મનસુખલાલ મજીઠિયા |
| (ડ) | જોસેફ મૅકવાન | (4) | એક સાંજની મુલાકાત |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 2 | 3 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 2 | 1 | 3 | 4 |
| (D) | 1 | 2 | 3 | 4 |

32. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો :

| | યાદી 1 | | યાદી 2 |
|---|---|---|---|
| (અ) | સુધારક યુગ | (1) | ન્હાનાલાલ |
| (બ) | મંડળી મળવાથી થતા લાભ | (2) | આપણી કવિતા સમૃધ્ધિ |
| (ક) | જયા-જયન્ત | (3) | ગદ્યકૃતિ |
| (ડ) | બ.ક. ઠાકોર | (4) | હુન્નર ખાનની ચઢાઈ |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 2 | 1 | 3 | 4 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 4 | 3 | 2 | 1 |

33. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો :

| | યાદી 1 | | યાદી 2 |
|---|---|---|---|
| (અ) | ફાર્બસ ગુજરાતી સભા | (1) | ક્રોચે |
| (બ) | અસ્તિત્વવાદ | (2) | સ્થાપના ઈ.સ. 1854 |
| (ક) | ગુજરાતી સાહિત્ય પરિષદ | (3) | આલ્બેર કામૂ |
| (ડ) | અભિવ્યક્તિત્વવાદ | (4) | સ્થાપના ઈ.સ. 1905 |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 2 | 3 |
| (B) | 1 | 2 | 3 | 4 |
| (C) | 4 | 3 | 1 | 2 |
| (D) | 2 | 3 | 4 | 1 |

34. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો :

| | યાદી 1 | | યાદી 2 |
|---|---|---|---|
| (અ) | અંધકારના ઊંચાનીચા પ્હાડ | (1) | કૃદંત |
| (બ) | સારી રીતે | (2) | નામનો એક પ્રકાર |
| (ક) | ખાટું | (3) | રૂપક |
| (ડ) | પીધેલ | (4) | ક્રિયા વિશેષણ |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 2 | 3 |
| (B) | 2 | 4 | 3 | 1 |
| (C) | 3 | 4 | 2 | 1 |
| (D) | 1 | 2 | 3 | 4 |

35. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) ગોવર્ધનરામ - પ્રજારામ - દયારામ - નવલરામ

(B) દયારામ - નવલરામ - ગોવર્ધનરામ - પ્રજારામ

(C) પ્રજારામ - નવલરામ - દયારામ - ગોવર્ધનરામ

(D) નવલરામ - દયારામ - પ્રજારામ - ગોવર્ધનરામ

36. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) અશ્રુઘર - આગંતુક - આકાર - અમૃતા

(B) અમૃતા - અશ્રુઘર - આગંતુક - આકાર

(C) આકાર - અમૃતા - અશ્રુઘર - આગંતુક

(D) આગંતુક - આકાર - અમૃતા - અશ્રુઘર

37. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) પૂર્વાલાભ - ભણકાર - નિશીથ - ધ્વનિ

(B) ભણકાર - નિશીથ - પૂર્વાલાભ - ધ્વનિ

(C) ધ્વનિ - પૂર્વાલાભ - ભણકાર - નિશીથ

(D) નિશીથ - ધ્વનિ - ભણકાર - પૂર્વાલાભ

38. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) ગાયત્રી - શોધ - પિતૃતર્પણ - માણસની વાત

(B) શોધ - માણસની વાત - ગાયત્રી - પિતૃતર્પણ

(C) માણસની વાત - પિતૃતર્પણ - શોધ - ગાયત્રી

(D) પિતૃતર્પણ - ગાયત્રી - શોધ - માણસની વાત

39. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) ઑથેલો - વેઈટીંગ ફોર ગોદો - ડિવાઈન કોમેડી - મેટામાર્ફોસિસ

(B) ડિવાઈન કોમેડી - ઑથેલો - મેટામાર્ફોસિસ - વેઈટીંગ ફોર ગોદો

(C) મેટામાર્ફોસિસ - ડિવાઈન કોમેડી - વોઈટિંગ ફોર ગોદો - ઑથેલો

(D) વેઈટીંગ ફોર ગોદો - મેટામાર્ફોસિસ - ઑથેલો - ડિવાઈન કોમેડી

40. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) કૃતિ - ખેવના - કવિલોક - સંસ્કૃતિ

(B) કવિલોક - સંસ્કૃતિ - ખેવના - કૃતિ

(C) સંસ્કૃતિ - કવિલોક - કૃતિ - ખેવના

(D) ખેવના - કૃતિ - સંસ્કૃતિ - કવિલોક

**41.** કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) વળામણાં - મળેલા જીવ - માનવીની ભવાઈ - મનખાવતાર

(B) માનવીની ભવાઈ - વળામણાં - મળેલા જીવ - મનખાવતાર

(C) મનખાવતાર - માનવીની ભવાઈ - વળામણાં - મળેલા જીવ

(D) મળેલા જીવ - મનખાવતાર - માનવીની ભવાઈ - વળામણાં

**42.** કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) રમેશ પારેખ - હરીશ મીનાશ્રુ - ઉશનસ્ - ગુલામ મોહમ્મદ શેખ

(B) ગુલામ મોહમ્મદ શેખ - રમેશ પારેખ - હરીશ મીનાશ્રુ - ઉશનસ્

(C) ઉશનસ્ - ગુલામ મોહમ્મદ શેખ - રમેશ પારેખ - હરીશ મીનાશ્રુ

(D) હરીશ મીનાશ્રુ - ઉશનસ્ - ગુલામ મોહમ્મદ શેખ - રમેશ પારેખ

**નીચે આપેલો ગદ્યખંડ વાંચીને પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરનો ક્રમ દર્શાવો.**

શબ્દો સરળ હોય, સમજાય એવા હોય એને આપણે સરળતા કહીએ છીએ. પણ સરળતાને કૃતિની આખી સંવાદિતાના એક લક્ષણ તરીકે શોધવી જોઈએ. શબ્દ સરળ હોય, તરત સમજાય એવા હોય, છતાં આખાનું કાંઇ મોંમાથું સમજાય નહિ એવુ બને. અને આખા લખાણનું પ્રધાન સૂત્ર જો એક વાર હાથમાં આવી ગયું હોય તો વચ્ચે વચ્ચે બઘરા શબ્દોનાં અંતરાયથી કોઈ મોટી મુશ્કેલી ન આવે અને એકંદરે સરળતાનો જ અનુભવ થાય. આ રીતે સરળતાંને સુગમ શબ્દોનાં વપરાશ માં જ જોઆના વલણ મા અધૂરાપણું છે. એક બીજી વાત પણ સમજવા જેવી છે. સરળ શબ્દયોજના માત્ર થી કૃતાર્થતા અનુભવવી એ ઠીક નથી, કેમ કે શબ્દ તો સાધન છે. એ શબ્દો દ્વારા આપણને શું મળ્યું એ ઊપર એની કૃતાર્થતા અવલંબે એ બરોબર ગણાય. લેખક સરળ શબ્દ યોજે અને કાંઈ જ આપણે ન પામીએ, એ કરતાં થોડાક અપરિચિત શબ્દનો ભેટો કરવાને ભોગે પણ, એવા અઘરા શબ્દની મદદથી પણ, કાંઈ ક પહોંચાડવા મથતા લેખકનો આદર કરીએ. રિક્તતા-આલીખમપણું એ સરળતા નથી. એટલે, એક આ રિક્તતાની સરળતા છે, બીજી, સરળ શબ્દરચનાને ઓથે ઢંકાયેલી કઢંગી સંકુલતા છે. એ બંને ચૈતન્યના પ્રસાદ રૂપ નથી પણ જડતાના નિદર્શન રૂપ છે. પણ એક ત્રીજી સરળતા છે, જે આત્માની સભરતામાંથી ઊભરાતી હોય છે. એ સરળતામાં અનુભૂતિનો રણકાર અચૂક સંભાળાતો હોય છે.

**43.** લેખક સરળતાને કેવી રીતે ઓળખાવે છે ?

(A) વાંચતાંવેંત જે સમજાઈ જાય તે સરળતાને કારણે.

(B) સરળતા કૃતિની સમગ્રતા, અખંડિતતા સાથે સંબંધિત છે.

(C) સમગ્ર કૃતિનાં એક અંશમાં સરળતા હોવી જોઇએ.

(D) સરળતા કૃતિની નકારાત્મક લાક્ષણિકતા છે.

44. સરળતાને તપાસવાનો દષ્ટિકોણ અપર્યાપ્ત ક્યારે નીવડે ?

(A) દુર્બોધ શબ્દો કાઢતા જઈએ ત્યારે -

(B) કૃતિનો સર્જક ચિંતક હોય ત્યારે -

(C) કૃતિનો સર્જક નીતિમાન હોય છે એવુ સ્વીકારીએ ત્યારે -

(D) સરળ, સાદા, શબ્દોનાં વિનિયોગ દ્વારા સરળતા સિદ્ધ થાય છે એવી માન્યતા પ્રવર્તતી હોય ત્યારે -

45. સરળતાનો અનુભવ વાચકને ક્યારે થાય ?

(A) લખાણનું મુખ્ય કેન્દ્ર સમજાઈ જાય ત્યારે -

(B) લખાણનો કેન્દ્રવર્તી વિચાર છટકી જાય ત્યારે -

(C) લખાણમાં એક પણ દુર્બોધ શબ્દ ન હોય ત્યારે -

(D) લેખકની માન્યતા સાથે વાચકની માન્યતાનો તાળો મળે ત્યારે -

46. સરળ શબ્દો યોજવામાં જ લેખકે કૃતકૃત્યતા અનુભવવાની નહીં કારણ કે

(A) વાચકો સુધી પહોંચી શકાય છે.

(B) સરળ શબ્દો દ્વારા પ્રસાદ ગુણ સિદ્ધ થાય છે.

(C) સમાજની સ્વીકૃતિ તો જ પ્રાપ્ત થાય છે.

(D) શબ્દ સાધ્ય નહીં પણ સાધન માત્ર હોય છે.

47. કૃતાર્થતાનો આધાર શાના પર હોય છે ?

(A) શબ્દો દ્વારા થતી પ્રાપ્તિ પર

(B) લેખકને પ્રાપ્ત થતી કીર્તિ પર

(C) સમાજનો મોટા વર્ગની સ્વીકૃતિ પર

(D) સર્જકના શુદ્ધ ચારિત્ર્ય પર

48. કેવા લેખકનો આદર કરવો જોઈએ ?

(A) કશુંક સંક્રમણ કરવા મથતા લેખકનો -

(B) સરળતા સિદ્ધ કરી આપતા લેખકનો -

(C) પારિતોષકો મેળવનાર લેખકનો -

(D) ગરીબો વતી અભિવ્યક્તિ કરતા લેખકનો -

49. સરળતાના આવરણ હેઠળ છુપાયેલી ચિત્રવિચિત્ર સંકુલતા આવકાર્ય નથી કારણ કે -

(A) સંકુલતાને કારણે સંક્રમણમાં અવરોધો ઉભા થાય છે.

(B) સરળતા - સંકુલતાનુ મિશ્રણ સમસ્યાઓ સર્જે છે.

(C) વાચકની નૈતિક માન્યતાઓ ને આઘાત પહોંચે છે.

(D) એમાં ચૈતન્ય શક્તિનું પ્રતિબિંબ પડતું નથી.

50. કેવી સરળતામાં અનુભૂતિનું સ્પંદન અનુભવાય છે ?

(A) ચૈતન્ય સભર સરળતા -

(B) આત્માની સમૃદ્ધિમાંથી પ્રગટતી સરળતા -

(C) દુર્બોધતાના જરાય સ્પર્શ વિનાની સરળતા -

(D) રિક્તતાયુક્ત સરળતા -

- o O o -

**Space For Rough Work**